(૧૫)

**પ્ર.૧ (અ) નીચેના શબ્દોના અર્થ લખો. (૩)**

| | જવાબ |
|---|---|
| ૧. ન તીરિયં | **પાર ઉતાર્યું ન હોય** |
| ૨. વાવન્ન | **જ્ઞાન, દર્શન, ચારિત્રને પામીને ભ્રષ્ટ થયા હોય તેની તેમ જ** |
| ૩. ફાસાફુસંતુ | **તે પ્રકારના કોઈપણ સ્પર્શ થાય** |
| ૪. અઈયારે | **અતિચાર વિશે** |
| ૫. કુપ્રાવચન મિથ્યાત્વ | **૩૬૩ પાખંડીના મતને માને તે** |
| ૬. વિરચ | **પાપથી નિવૃત્ત છું** |

**(બ) નીચેના શબ્દોનું માગધી લખીને ને તે કયા પાઠમાં આવે છે? (૫)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. સ્ત્રી કથાથી | **ઈત્થી કહાએ** | **ચોથા શ્રમણસૂત્રમાં** |
| ૨. જમીન સંબંધી જૂઠ | **ભોમાલિક** | **બીજા વ્રતમાં** |
| ૩. આપો | **દિંતુ** | **સામાયિકના પાંચમા પાઠમાં** |
| ૪. ચોવીસ પ્રકારના ધાન્યની જાત | **ઓદણ વિહિં** | **સાતમા વ્રતમાં** |
| ૫. જીવોની | **જીવા** | **સામાયિકના ત્રીજા પાઠમાં** |

**(ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૭)**

૧. ૧૮,૨૪,૧૨૦ પ્રકારે પાપદોષ લાગે છે તે કયા કયા? (૫)

**જ. જૈન પાઠાવલી ભાગ – ૨, પાના નં. ૭૧ પર પ્રશ્ન – ૧.**

૨. અનર્થદંડના પ્રકાર કેટલા? કયા કયા? (૨)

**જ. ચાર. અવજ્ઝાણાચરિયં, પમાયાચરિયં, હિંસપ્પયાણં, પાવકમ્મોવએસં.**

(૫)

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ભગવાન કયા શરીર સંસ્કાર કરતા ન હતા? શા માટે? (૨)

**જ. જુલાબ, વમન, શરીર પર તેલ મર્દન, સ્નાન, હાથ–પગ દબાવવા અને દાંતણ કરવું વગેરે શરીર સંસ્કાર કરતા ન હતા કારણ આ ઔદારિક શરીર અશુચિમય છે. તેની કોઈપણ ઉપાયોથી શુદ્ધિ થઈ શક્તી નથી.**

૨. ભગવાન શેનું ચિંતન કરતા હતા? (૧.૫×૨)

**જ. પોતાના અંતરની શુદ્ધિને જોતા થકા શાંતભાવે ઊર્ધ્વ, અધો અને મધ્યલોકના સ્વરૂપનું ચિંતન કરતા હતા.**

૩. લાઢ દેશની કઈ કઈ ભૂમિ પર ભગવાન વિચર્યા? વજ્રભૂમિના લોકો કેવા હતા?

**જ. વજ્રભૂમિ અને શુભ્રભૂમિ. વજ્રભૂમિના લોકો રૂક્ષ આહાર કરતા હોવાથી તેઓ સ્વભાવથી પણ ઘણા ક્રોધી હતા.**

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. પ્રયોગ પરિણત અને ત્રિકોણ એટલે શું?

**જ. પ્રયોગ પરિણત એટલે જીવના વ્યાપારથી બનેલા હોય તે. જેમ કે જીવનું શરીર, ઘડો વગેરે.**
**ત્રિકોણ એટલે જે વિમાન ત્રિકોણ છે. તે સિંઘોડાના આકારે હોય છે. બે તરફ કોટ અને એક તરફ વેદિકાથી ઘેરાયેલા હોય છે. તેને ત્રણ દ્વાર હોય છે.**

૨. દેવ કેટલા કારણે ઉદ્વેગને પ્રાપ્ત કરે છે? ૨–૩ જો પ્રકાર લખો.

**જ. ત્રણ. ૨. અહો ! મારે અહીંથી ચ્યવીને ગર્ભાવાસમાં જતા જ સર્વ પ્રથમ માતાના રજ અને પિતાના શુક્ર,**

**વીર્યના સંમિશ્રણરૂપ આહાર ગ્રહણ કરવો પડશે. ૩. અહો ! મારે પેટમાં મલિન રહેલા પદાર્થરૂપ કીચડ યુક્ત, અશુચિના ભંડાર, ઉદ્વેગ ઉત્પન્ન કરનાર એ ભયાનક ગર્ભાશયમાં રહેવું પડશે.**

૩. ગોળ પર્વત કેટલા છે? કયા કયા?

**જ. ત્રણ. માનુષોત્તર પર્વત, કુંડલવર પર્વત, રુચકવર પર્વત.**

૪. કેટલી અને કઈ વયમાં જીવ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે?

**જ. ત્રણ. પ્રથમ વય – બાલ્યાવસ્થા, મધ્યમ વય – યુવાવસ્થા, અંતિમ વય.**

૫. ચલિત થવું એટલે શું? તારા શા કારણે ચલિત થાય છે?

**જ. તારા ચાલતા દેખાય છે. ૧. આકાશમાં ઊંચે દેવો વૈક્રિયરૂપ કરે ત્યારે, ૨. પરિચારણા કરે ત્યારે, ૩. તારાના વિમાન એક સ્થાનેથી બીજા સ્થાને સંક્રમણ કરે ત્યારે.**

**(૧૦)**

**પ્ર.૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ધન્ય સાર્થવાહ અને તેની પત્ની કેવી હતી?

**જ. ધન્ય સાર્થવાહ સમૃદ્ધશાળી હતો. તેજસ્વી હતો અને તેના ઘરે ઘણા ભોજન–પાણી તૈયાર થતા હતા. તેની પત્નીનું નામ ભદ્રા હતું. તે સર્વાંગ સુંદર હતી. તેનો આકાર ચંદ્રની જેમ સૌમ્ય હતો. પતિને મનોહર હતી. દેખાવમાં પ્રિય હતી, રૂપવાન હતી.**

૨. ધન્ય સાર્થવાહ કથાનો ઉપસંહાર લખો.

**જ. જે સાધુ–સાધ્વી સંયમ લઈને આહાર આદિમાં આસક્ત થતા નથી, પરંતુ માત્ર જ્ઞાન–દર્શન–ચારિત્રની વૃદ્ધિ માટે આહાર–પાણી કરે છે, તે અનંત સંસારથી પાર થાય છે. જે શરીરની વૃદ્ધિ કરવા માટે આહાર–પાણીમાં મુગ્ધ થાય છે, તે અનંત સંસાર વધારે છે.**

૩. વિજય ચોરને પકડીને રસ્તા પરથી કેવી રીતે લઈ ગયા?

**જ. વિજય ચોરને ડોકથી પકડી, રાજગૃહ નગરના રસ્તા પર તેને કોરડાનો માર મારતા, લાકડીઓના પ્રહાર કરતા, તેના પર રાખ, ધૂળ, કચરો નાખતા, મોટે મોટેથી ઘોષણા કરતા બોલતા લઈ ગયા.**

૪. સુબુદ્ધિ પ્રધાનની પાસે ધર્મ સાંભળી રાજા કેવું જીવન જીવવા લાગ્યા? (૨ થી ૩ લીટીમાં)

**જ. રાજાએ ૧૨ વ્રતરૂપ શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો અને શ્રમણોપાસક બની ગયા અને જીવ – અજીવ તત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું. શ્રમણ નિર્ગ્રંથોને પ્રાસુક – એષણિક દાન દેતા, ધાર્મિક જીવન જીવવા લાગ્યા.**

૫. કોણ બોલે છે અને કોને કહે છે? ૧. તમે કુંભારની દુકાન પર જાઓ : **રાજાએ પોતાના માણસોને કહ્યું**

૨. આપ જેમ કહો છો તેમ જ છે : **બધાએ રાજાને કહ્યું.**

**(૧૫)**

**પ્ર.૫ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. કામદેવ ગાથાપતિની સંપત્તિનું વર્ણન કરો.

**જ. છ કરોડ સોનામહોર નિધાનમાં મૂકેલી હતી, છ કરોડ સોનામહોર વેપારમાં અને છ કરોડ સોનામહોર ઘરવખરી, ધાન્ય આદિરૂપે ખજાનારૂપે રોકેલી હતી. ૧૦૦૦૦ ગાયોના એક વ્રજ હિસાબે છ વ્રજ એટલે ૬૦૦૦૦ ગાયો હતી.**

૨. કામદેવ શ્રાવકે પોતાના આત્માને કેવી રીતે ભાવિત કર્યો?

**જ. શ્રાવકની ૧ થી ૧૧ પ્રતિમાઓ ધારણ કરી, ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ, અટ્ઠાઈ, અર્ધ માસક્ષમણ, માસક્ષમણ આદિ તપ દ્વારા પોતાના આત્માને ભાવિત કર્યો.**

૩. દેવે આકાશવાણી રૂપે કામદેવને શું કહ્યું?

**જ. હે કામદેવ ! આપ ધન્ય છે, હે દેવાનુપ્રિય ! આપ પુણ્યવાન છો, કૃતાર્થ છો, આપના શરીરના લક્ષણો શુભ છે, મનુષ્ય જન્મ અને જીવન આપે સફળ કરેલું છે. આપ મહાન પુણ્યાત્મા છો. આપને નિર્ગ્રંથ પ્રવચનમાં પૂર્ણ દઢતા, નિષ્ઠા, શ્રદ્ધા તથા રુચિ છે.**

૪. કામદેવ શ્રાવકને અડોલ જોઈ સાપ રૂપી દેવે શું કર્યું?

**જ. સાપ અત્યંત ક્રોધિત થઈ ફૂંફાડા મારતો સડસડાટ કામદેવ શ્રાવકના શરીર પર ચઢી ગયો. પાછળના ભાગથી ચઢીને ગળે ત્રણવાર ભરડો લઈ લીધો અને પોતાના ઝેરી દાંતો વડે તેની છાતી પર ડંખ માર્યો.**

૫. કામદેવની નગરી, રાજા, ઉદ્યાન અને પત્નીનું નામ શું હતું?

**જ. ચંપા નગરી, જિતશત્રુ રાજા, પૂર્ણભદ્ર ઉદ્યાન, ભદ્રા.**

**(બ) અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. અનીકસેન કયા સૂત્રનો અધિકાર છે? તે અંગ છે કે ઉપાંગ? કેટલામું? કાલિક છે કે ઉત્કાલિક? (૨×૨)

**જ. અંતગડ સૂત્ર. અંગ સૂત્ર. આઠમું. કાલિક.**

૨. અનીકસેનનું પાલન કેટલી અને કઈ ધાવમાતાઓએ કર્યું?

**જ. પાંચ. ક્ષીરધાત્રી, મજ્જનધાત્રી, મંડનધાત્રી, ક્રીડાધાત્રી, અંગધાત્રી.**

૩. ભગવાન અરિષ્ટનેમિ કઈ નગરીના કયા ઉદ્યાનમાં પધાર્યા? (૧)

**જ. ભદ્દિલપુર નગર, શ્રીવન ઉદ્યાન.**

(૫)

**પ્ર.૬ અનુત્તરોવવાઈ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ધન્ના અણગારના પગ તપથી કેવા થઈ ગયા હતા? (૨×૨)

**જ. સૂકાયેલ વૃક્ષની છાલ જેવા, લાકડાની પાદુકા જેવા, જીર્ણ થયેલા જૂતા હોય એમ સૂકાઈ ગયા હતા, માંસ રહિત થઈ ગયા હતા.**

૨. અનુત્તરોવવાઈ સૂત્રના ત્રીજા વર્ગના કેટલા અધ્યયન છે? છેલ્લા પાંચ અધ્યયનના નામ લખો.

**જ. ૧૦. ચંદ્રકુમાર, પૃષ્ઠિમાતૃકાકુમાર, પેઢાલકુમાર, પોટ્ટિલકુમાર, વેહલ્લકુમાર.**

૩. ધન્ના અણગારના માતાનું નામ લખો. સંસારમાં તેમણે શું અભ્યાસ કર્યો? (૧)

**જ. ભદ્રા સાર્થવાહી. ૭૨ કળાનો.**

(૧૫)

**પ્ર.૭ દશવૈકાલિક સૂત્રના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરો. (૪)**

૧. કયરા .... સુઅક્ખાયા : **પાના નં.૧૫૩ અલાવા ૨**

૨. ઉદગં .... સસિણિદ્ધં : **પાના નં. ૧૫૯/૧૬૦ અલાવા ૧૫**

૩. સચેત પૃથ્વી પર શેનાથી લખે નહિ? અર્થ સાથે મૂળપાઠ લખો. **પાના નં.૧૬૦ અલાવા ૧૪** **(૫)**

**(બ) નીચેના શબ્દોના અર્થ લખો. (૩)**

૧. દિવ્વં – **દેવ સંબંધી** ૨. પાણે – **પ્રાણને** ૩. સેયં – **કલ્યાણકારી છે**

૪. ઉજ્જાલંતં – **સળગાવનાર** ૫. બીએસુ – **બીજ પર** ૬. દંડગંસિ – **દંડા પર**

**(ક) નીચેના શબ્દોનું માગધી લખો. (૩)**

૧. ભેદન કરનારને – **ભિદંતં** ૨. સામે આવનારા – **અભિક્કંતં** ૩. સૂક્ષ્મ – **અણું, સુહુમં**

(૧૦)

**પ્ર.૮ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સંસાર સંસ્થાન કાળ કયા સૂત્રનો અધિકાર છે? તે સૂત્રનો સમાવેશ શેમાં થાય છે? તે કેટલામું છે? સ્વાધ્યાય ક્યારે કરાય? મિશ્રકાળ કોને કહેવાય? ઉદા. સાથે લખો. (૬)

**જ. ભગવતી સૂત્ર શતક–૧, ઉદ્દેશો–૨. અંગ સૂત્રમાં. પાંચમું. દિવસ અને રાત્રિના પહેલા અને છેલ્લા પ્રહરમાં. મિશ્ર કાળ – તે વિવક્ષિત જીવોના ભૂતકાળના અનંત નરક આદિ ભવોમાંથી એક જીવ પણ તેને ભેગો થાય તો અનંત ભવોનો તે કાળ તે જીવની દષ્ટિથી તે ગતિનો મિશ્ર કાળ છે. ઉદા. ધારો કે કોઈ જીવ નરકમાં જે સમયે હતો ત્યારે નરકમાં તેની સાથે ૧૦૦ જીવો હતા, તે જીવ મરીને તિર્યંચ કે મનુષ્ય થઈને ફરી પાછો**

**નરકમાં તે જ સ્થાને ઉત્પન્ન થયો ત્યારે તે નરકમાં પૂર્વેના ૧૦૦ નારકીમાંથી ઓછામાં ઓછો એક કે તેથી વધુ નારકી ત્યાં હોય તે મિશ્ર કાળ.**

૨. ઈહભવિક, પરભવિક, તદુભયભવિક એટલે શું? સામાયિક ચારિત્ર ઈહભવિક છે કે પરભવિક? (૩)

**જ. ઈહભવિક એટલે આ ભવમાં રહેનારું. પરભવિક એટલે બીજા ભવમાં સાથે જાય તેવું. તદુભયભવિક એટલે ભવાંતરમાં ત્રીજા – ચોથા ભવમાં સાથે જાય તેવું. સામાયિક ચારિત્ર ઈહભવિક છે, પરભવિક નથી.**

૩. ગ્રહણ કરેલું ......., ....... સુધી હોય જ છે. (૧)

**જ. ચારિત્ર, જીવતા.**

(૧૦)

**પ્ર.૯ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ૨૫૬ રાશિમાં ૫ થી ૮ બોલનો અલ્પ બહુત્વ લખો.

**જ. સર્વથી થોડા શાતાવેદનીય વેદવાવાળા, તેથી ઈન્દ્રિય ઉપયોગવાળા સં.ગુણા, તેથી અનાકાર ઉપયોગવાળા સંખ્યાત ગુણા, તેથી સાકાર ઉપયોગવાળા સંખ્યાતગુણા.**

૨. ઈન્દ્રિય ઉપયોગવાળા–નો ઈન્દ્રિય ઉપયોગવાળાના ઢગલા કેટલા? કોણ વધારે કોણ ઓછા? તેનો અલ્પ બહુત્વ લખો.

**જ. ઈન્દ્રિય ઉપયોગવાળા – ૩૨ ઢગલા, નો ઈન્દ્રિય ઉપયોગવાળાના – ૨૨૪ ઢગલા. નો ઈન્દ્રિય ઉપયોગવાળા વધારે ઈન્દ્રિય ઉપયોગવાળા ઓછા. તેનો અલ્પ બહુત્વ – સર્વથી થોડા ઈન્દ્રિય ઉપયોગવાળા, તેથી નો ઈન્દ્રિય ઉપયોગવાળા સંખ્યાતગુણા.**

૩ વેદ દ્વારમાં રહેલા જીવોમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ કેટલા સિદ્ધ થાય?

**જ. જઘન્ય – ૧ અને ઉત્કૃષ્ટ નપુંસક લિંગે અને પુરુષ મરીને સ્ત્રી કે નપુંસક થાય તથા સ્ત્રી મરીને પુરુષ કે નપુંસક થાય તો – ૧૦, સ્ત્રી લિંગે – ૨૦, પુરુષ લિંગે, પુરુષ મરીને પુરુષ થાય તો – ૧૦૮.**

૪. બે સમયમાં કેટલા સમય સુધી નિરંતર કેટલા સિદ્ધ થાય? ત્યાં જઘન્ય અને ઉત્કૃષ્ટ કેટલા સિદ્ધ થાય? પછી શું થાય?

**જ. બે સમય સુધી પ્રતિસમય નિરંતર જ. ૯૭ ઉ. ૧૦૨ સિદ્ધ થાય. પછી નિયમા અંતર પડે.**

૫. ૩૩ બોલમાંથી ૨૦ થી ૨૩ બોલનો અલ્પબહુત્વ લખો.

**જ. સર્વથી થોડા બારમા દેવલોકમાંથી, તેથી અગિયારમા દેવલોકમાંથી સંખ્યાતગુણા, તેથી દશમા દેવલોકમાંથી સંખ્યાતગુણા, તેથી નવમા દેવલોકમાંથી સંખ્યાતગુણા.**

(૫)

**પ્ર.૧૦ આગમ પરંપરાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સમવાયાંગ સૂત્રના રચનાકાર, રચનાકાળ અને ભાષા કેવી છે? ૧૧ મા અને ૩૨ મા સમવાયમાં શેનું વર્ણન છે? (૨)

**જ. રચનાકાર – સુધર્મા સ્વામી, રચનાકાળ – ઈ. પૂ. છટ્ઠી શતાબ્દી, ભાષા પ્રાકૃત. ૧૧ મા સમવાયમાં – શ્રાવકોની ૧૧ પ્રતિમા, મહાવીરના ૧૧ ગણધરો આદિ, ૩૨ મા સમવાયમાં – ૩૨ પ્રશસ્ત યોગ.**

૨. રાયપસેણીય નામ શા માટે છે? તેમાં કેટલા પ્રશ્નો છે? (૧.૫×૨)

**જ. આ આગમ એક જિજ્ઞાસુ રાજાના પ્રશ્નો સાથે સંબંધ ધરાવે છે, માટે રાયપસેણીય છે. ૧૦ પ્રશ્નો છે.**

૩. રાયપસેણીય કોનું ઉપાંગ સૂત્ર છે? કેટલી ગાથા છે? તેમાં કેટલા દેવતાઈ નાટક બતાવ્યા છે?

**જ. સૂયગડાંગ નામના બીજા અંગનું બીજું ઉપાંગ સૂત્ર છે. ૨૦૭૮ ગાથા છે. ૩૨ દેવતાઈ નાટક બતાવ્યા છે.**

**જય – જિનેન્દ્ર**